GJGS070003552026

રજુ તારીખ : ૧૩–૦૩–૨૦૨૬

દાખલ તારીખ : ૧૩–૦૩–૨૦૨૬

ફેંસલ તારીખ : ૩૦–૦૪–૨૦૨૬

અવધિ : વર્ષ માસ દિવસ

**મહે.તાલાલાનાં પ્રિન્સી. સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.તાલાલા.**

**<u>દિ.પ.અ.નં.૪/૨૦૨૬</u>**
**આંક : –**

**અરજદાર:** **ગુજ.ભરતકુમાર શંભુભાઈ ચૌહાણના વારસદાર,**
**મીનાબેન ડો/ઓ. શંભુભાઈ ભોવાનભાઈ ચૌહાણ,**
**વા/ઓ. કિશોરભાઈ જાદવ,**
**ઉ.વ.આ.પર, ધંધો–ઘરકામ,**
**રહે.વીસાવદર, જી.જુનાગઢ.**

**<u>વિરુધ્ધ</u>**

**સામાવાળા :** **–––કોઈ નહિ–––––**

––––––––––––––––––––––––––––––

**અરજદાર તરફે વિ.વ.શ્રી – ડી.બી.વઢવાણા.**

––––––––––––––––––––––––––––––

**<u>બાબત</u> : ધી ઈન્ડીયન સકશેશન એકટ–૧૯૨૫ ની કલમ–૩૭૨ હેઠળ ગુજ.ભરતકુમાર શંભુભાઈ ચૌહાણની જંગમ મિલ્કતનુ વારસા સર્ટીફીકેટ મેળવવા અંગે.**

**: : – જજમેન્ટ – : :**

(૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત છે કે, અરજદારના પિતાશ્રી શંભુભાઈ ભોવાનભાઈ ચૌહાણ તથા અરજદારના માતા કુંવરબેન શંભુભાઈ ચૌહાણ આશરે ૨૫ વર્ષ પહેલા અવસાન પામેલ છે. ગુજરનાર શંભુભાઈ ભોવાનભાઈના વારસદારોમાં અરજદારના ભાઈ લખમણભાઈ શંભુભાઈ ચૌહાણ તથા ભરતભાઈ શંભુભાઈ ચૌહાણ અપરણીત અવસાન પામેલ છે. અરજદારના ભાઈ ગુજરનાર ભરતભાઈ શંભુભાઈ ચૌહાણ કે જેઓ અપરણીત હતા અને તેમનુ તા.૩/૨/૨૦૨૬ ના રોજ બનેલા અકસ્માતમાં અવસાન થવા પામેલ છે અને તે બીનવસીયતે અને બીન વારસ તેનુ અવસાન થવા પામેલ છે. અરજદાર ગુજરનારના સગા બહેન થાય છે. ગુજરનારના સીધી લીટીના કોઈ હયાત વારસદાર આવેલ નથી. અરજદાર ગુજરનાર ભરતભાઈ શંભુભાઈ ચૌહાણના આડીલીટીના વારસદાર થાય છે. ગુજરનારનુ બેન્ક એકાઉન્ટ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, માધુપુર શાખામાં આવેલ હતુ અને ગુજરનારને પી.એમ.જે.જે.બી.વાય. યોજના હેઠળ રૂા.૨,૦૦,૦૦૦/– પુરાનો વીમો મળવાપાત્ર થતો હોય જે બાબતે અરજદારે ગુજરનારના વારસદાર દરજ્જે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, માધુપુર શાખામાં અરજ અહેવાલ કરતા તેના અનુસંધાને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, માધુપુર શાખાની બેન્ક દ્વારા અરજદારને તા.૫/૩/૨૦૨૬ ના રોજ સક્ષમ કોર્ટમાંથી અરજદારના નામનુ સકશેશન સર્ટીફીકેટ મેળવી રજુ કરવાનુ જણાવતા જેથી ગુજરનારની જંગમ મિલ્કત અંગે વારસા સર્ટીફીકેટ મેળવવા નામદાર કોર્ટમાં અરજ અહેવાલ કરેલ છે. અરજદાર સિવાય ગુજરનારના અન્ય કોઈ હયાત વારસદાર આવેલ નથી અને ગુજરનાર ભરતભાઈ શંભુભાઈ ચૌહાણ બિનવારસ અને બિનવસીયતે ગુજરી ગયેલ છે. હાલની નામદાર કોર્ટમાં અરજદારની પ્રથમ અરજી છે આ સીવાય અન્ય કોઈ પણ કોર્ટમાં કોઈ અરજી કરેલ નથી.

આમ અરજદારે અરજી કરી દાદ માગેલ છે કે, ગુ.ભરતભાઈ શંભુભાઈ ચૌહાણ બિનવસીયતે અને બિનવારસ ગુજરી ગયેલ હોય અરજદાર ગુજરનાર ભરતભાઈ શંભુભાઈ ચૌહાણના કાયદેસરના વારસદાર છે તેવુ ઠરાવી આપી ગુજ. ભરતભાઈ શંભુભાઈ ચૌહાણે ઉતરાવેલ પી.એમ.જે.જે.બી.વાય. યોજના હેઠળ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, માધુપુર શાખામાંથી મળવાપાત્ર રકમ મેળવવા તથા તેનુ હસ્તાંતર કે વીનીયોગ કરવા અંગે અરજદારના નામનુ વારસા સર્ટીફીકેટ આપવા હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૨) અરજી દાખલ થયા પછી કોર્ટના હુકમ મુજબ અરજી વિરુધ્ધ વાંધા મંગાવતી જાહેર નોટીસ અરજદાર ધ્વારા બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્ર દિવ્યભાસ્કર દૈનીકમાં પ્રસિધ્ધ કરવામાં આવી હતી જે વર્તમાનપત્રની કોપી આંક–૧૬ થી રજુ છે. ત્યારબાદ કોઈ વાંધો લેતુ કોર્ટ રૂબરુ ન આવતા અરજી આગળ ચલાવવામાં આવી હતી અને અરજદારનો પુરાવો લેવામાં આવ્યો હતો.

(૩) અરજદાર તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે.

**મૌખિક પુરાવો :–**

| **ક્રમ નં.** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | અરજદારનુ સરતપાસનુ સોગંદનામુ | ૦૫ |

**દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | ગુજ.શંભુભાઈ ભોવાનભાઈનુ પેઢીનામુ | ૦૮ |
| (૨) | ગુજ.ભરતભાઈ શંભુભાઈનુ આધારકાર્ડ | ૦૯ |

| | | |
|---|---|---|
| (૩) | ગુજ.ભરતભાઈ શંભુભાઈનુ મરણ પ્રમાણપત્ર | ૧૦ |
| (૪) | અરજદારના પિતા તથા માતાનો મરણનો દાખલો | ૧૧,૧૨ |
| (૫) | અરજદારના ભાઈ લખમણભાઈનો મરણનો દાખલો | ૧૩ |
| (૬) | અરજદારનુ આધારકાર્ડ | ૧૪ |
| (૭) | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાનો લેટર | ૧૫ |
| (૮) | કલોઝીંગ પુરસીસ | ૧૭ |

**(૪)** આ કામે અરજદારે આંક–૫ થી સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે. તેઓનો પુરાવો અરજીની હકીકતને સુસંગત અને સમર્થનકારી છે. તેમના પુરાવાથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળેલ છે. ગુજરનાર ભરતભાઈ શંભુભાઈ ચૌહાણ અરજદારના સગા ભાઈ થતા હતા. અરજદાર તર્ફે ગુજ.ભરતભાઈ શંભુભાઈ ચૌહાણે ઉતરાવેલ પી.એમ.જે.જે.બી.વાય. યોજના હેઠળ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, માઘુપુર શાખામાંથી મળવાપાત્ર રકમ મેળવવા તથા તેનુ હસ્તાંતર કે વીનીયોગ કરવા વારસા સર્ટીફીકેટ અરજદારના નામે કાઢી આપવા અરજદારે હાલની અરજી કરી છે. અરજી વિરૂઘ્ઘ વાંધા મંગાવતી નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિઘ્ઘ કરાવતા કોર્ટ રૂબરૂ વાંધો આવેલ નથી. આથી અરજદારની અરજી પડકાર્યા વગરની છે એવુ કહેવાય. વઘુમાં આ સંદર્ભે આંક–૮ થી રજુ થયેલ ગુજરનાર શંભુભાઈ ભોવાનભાઈનુ પેઢીનામુ ઘ્યાને લેતા તેમાં અરજદારનુ નામ હોવાનુ જણાય આવે છે અને સદર પેઢીનામા માં જણાવેલ અરજદારના માતા–પિતા તથા બંને ભાઈઓનુ અવસાન થયેલાની હકીકત રેકર્ડ પર આવે છે. વઘુમાં આંક–૯ થી ગુજરનાર ભરતભાઈ શંભુભાઈનુ આધારકાર્ડ રજુ રાખેલ છે. વઘુમાં આંક–૧૦ થી રજુ થયેલ મરણનો દાખલો ઘ્યાને લેતા ભરતભાઈ શંભુભાઈ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ અવસાન પામેલાનુ જણાય આવે છે. વઘુમાં આંક–૧૧ તથા ૧૨ થી રજુ થયેલ મરણના દાખલા ઘ્યાને લેતા અરજદારના પિતા તા.૧૬/૮/૨૦૦૦

તથા અરજદારના માતા તા.૨૮/૮/૨૦૧૯ ના રોજ અવસાન પામેલાનુ જણાય આવે છે. વધુમાં આંક–૧૩ થી રજુ થયેલ મરણનો દાખલો ધ્યાને લેતા અરજદારના ભાઈ લખમણભાઈ તા.૫/૮/૨૦૨૨ ના રોજ અવસાન પામેલાનુ જણાય આવે છે. વધુમાં આંક–૧૪ થી અરજદારનુ આધારકાર્ડ રજુ રાખેલ છે. વધુમાં આંક–૧૫ થી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાનો લેટર રજુ રાખેલ છે. આ કામે રેકર્ડ ધ્યાને લેતા અરજદારના માતા–પિતા તથા બંને ભાઈઓ અવસાન પામતા તેના વારસદારમાં હાલના અરજદાર હોવાનુ ફલિત થાય છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા હાલના અરજદાર ગુજરનાર ભરતભાઈ શંભુભાઈ ચૌહાણના આડી લીટીના વારસદાર હોવાનુ જણાય આવે છે. આમ, અરજદાર પોતાની અરજીની હકીકતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરી શકેલ છે ત્યારે ઉપરોકત સમગ્ર ચર્ચાનાં અંતે અરજદાર માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે એવુ પુરવાર થાય છે ત્યારે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **::હુકમ::**

૧. અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. ગુજરનાર ભરતભાઈ શંભુભાઈ ચૌહાણે ઉતરાવેલ પી.એમ.જે.જે.બી.વાય. યોજના હેઠળ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, માધુપુર શાખામાંથી મળવાપાત્ર રકમ મેળવવા તથા તેનુ હસ્તાંતર કે વીનીયોગ કરવા માટે વારસા સર્ટીફીકેટ અરજદાર મીનાબેન ડો/ઓ. શંભુભાઈ ભોવાનભાઈ ચૌહાણ, વા/ઓ. કિશોરભાઈ જાદવના નામે કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૪. સદરહુ હુકમની એક નકલ અરજદારને આપવી.

હુકમ આજ તા.૩૦, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૩૦–૦૪–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
પ્રિન્સીપાલ સિવિલ જજ
તાલાલા
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.